| |
|---|
| **અગ્રતા ક્રમ:-૧૮ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૪૭૪**<br>**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રીમતી ગેનીબેન ઠાકોર (વાવ)**<br>**"રાજ્યમાં મહિલા સુરક્ષા સમિતિ"** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રીમતી પાયલબેન કુકરાણી (નરોડા)** |
| **પૂરક પ્રશ્ન – (૨): રાજ્ય કક્ષાની મહીલા સુરક્ષા સમિતિમાં કોનો સમાવેશ થાય છે ?** |

**જવાબ, માન. અધ્યક્ષશ્રી,**

મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ રાજ્ય સરકારની પ્રથમ કક્ષાની નીતિ રહી છે. આથી આ રાજ્યના સર્વોચ્ચ સ્તરથી માંડીને છેક ગ્રાસરૂટ સુધી આ નીતિ અસરકાર બને તે રીતે સમિતિની રચના કરવામાં આવી છે.

- **રાજ્યકક્ષાની મહિલા સુરક્ષા સમિતિના અધ્યક્ષ માન. મુખ્યમંત્રીશ્રી છે.**
- સમિતિમાં સભ્યો તરીકે
  - રાજ્ય મંત્રીમંડળના મહિલા સભ્યો,
  - રાજ્યના મહિલા સંસદસભ્યો,
  - ત્રણ થી ચાર મહિલા ધારાસભ્યો,
  - રાજ્યના અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ),
  - રાજ્યના પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
  - રાજ્યના અધિક પોલીસ મહાનિદેશકશ્રી (સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ) અને
  - ૪૦ બિન સરકારી સભ્યો તરીકે મહિલા કાર્યકરોને સમાવવામાં આવે છે.

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ) આ સમિતિના સભ્ય સચિવ હોય છે.
- જ્યારે કોઈ એક બિન સરકારી સભ્યની આ સમિતિના ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવે છે.